Monthly Newsletter

અંક : ૧૯

૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- આર.ડી.એન.પી.+ રાજકોટ વિહાન સીએસસી દ્વારા ફેમેલી પ્લાનીંગ એસોસીએશનના સંકલનથી ૨૨ જરૂરીયાતમંદ એચ.આઇ.વી. સાથે જીવતી મહિલાઓને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવી. પર્સ, કવર, કીચેન, પેપરબેગ, મીણબત્તી જેવી રોજબરોજની જીવનજરૂરી ચીજવસ્તુઓ તૈયાર કરી આજીવીકા માટે આધાર પૂરા પાડવા ના હેતુથી આ ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો.

- એન.એસ.પી.+ સુરત વિહાન સીએસસી દ્વારા નારી સંરક્ષણ ગૃહ ખાતે એચ.આઇ.વી. જાગૃતિ હેતુ તાલીમનું અયોજીત કરવામાં આવ્યું. જેમાં સ્ટેટ પ્રોજેકટ ઓફિસર દ્વારા તકનીકી માહિતી પૂરી પાડી ૨૨ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી.

- પરિવર્તન ફાઉન્ડેશન અમદાવાદ જીલ્લાનું સંગઠન દ્વારા સ્થાનિક એચ.આઇ.વી. સાથે જીવતા લોકો માટે લાભાકારી સ્વયંસેવી કામગીરી ઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ‘જતન’ પ્રોજેકટના ૭૫ લાભાર્થી ઓના બંધ થયેલા બેંક ખાતા ફરી પાછા શરૂ કરાવી યોજના ના લાભ માટે જોડવામાં આવ્યા. તથા ૨૦૧૬-૧૭ વર્ષના લાભથી વંચિત એવા નિ:શુલ્ક તબીબી સહાય ના ૯૩ લાભાર્થીઓને યોજનાકીય સહાય સાથે જોડી તેનો લાભ અપાવ્યો. અસરવા વિસ્તારમાં સ્વાઇન ફલુ રોગચાળાના નિયંત્રણ હેતુ સ્થાનિક વિસ્તારની ૩ શાળાના બાળકો તથા બીજેએમસી સિવિલ હોસ્પિટલ ખાતે એઆરટી સેન્ટર પર એચ.આઇ.વી. સાથે જીવતા લાભાર્થીઓને આર્યુવેદિક ઉકાળો વિતરણ કરવામાં આવ્યો.

**વિહાન કાર્યક્રમ મુલ્યાંકન બેઠક** જોઇન્ટ ડાયરેકટર, સીએસટી, જીસેકસ અને સિનિયર પ્રોગ્રામ ઓફિસર અલાયન્સ ઇન્ડીયા ની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે ૨૬ વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટરની મુલ્યાંકન બેઠકનું આયોજન થયું. જેમાં છ માસિક (જાન્યુઆરી૧૭ થી જૂન-૧૭)ની કામગીરીની સાથે જરૂરી મહત્વની કામગીરીઓને વેગવાન બનાવવા માટે ઉપસ્થિત સહભાગીઓના સહયોગથી ભવિષ્યનું આયોજન કરવામાં આવ્યું.



**‘રક્ષાબંધન’ પર્વની ઉજવણી** વિવિધ પર્વની ઉજવણી સમયુદાયને પ્રોત્સહિત કરવા મહત્વની કડી બને છે. સમુદાયને સમાજની મુખ્યધારામાં સામેલ રાખી એચ.આઇ.વી.ના



મુદ્દા પ્રત્યે સમાજમાં જાગૃતિ આવે તે હેતુથી વિવિધ ઉત્સવોની સામુદાયીક ઉજવણી સંગઠન દ્વારા કરવામાં આવે છે. આ પ્રકારની પ્રવૃતિથી લાભાર્થીઓ પારિવારીક ભાવનાથી જોડાયેલા રહે છે. સમાજના ઉમદા સહકાર્ થી જ સાનુકુળ વાતાવરણનું નિર્માણનું કાર્ય શકય છે.

**નવા જીલ્લામાં હિમાયત બેઠક**નું આયોજન જી.એસ.એન.પી.+ દ્વારા કેન્દ્ર શાશિત પ્રદેશ દીવ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી વિભાગો સાથે કરવામાં આવ્યું હતું. જેમાં જીએસએનપી+ ના ટીબી ઓફિસર દ્વારા ઉપસ્થિત રહી સરકારી યોજનાના લાભો, આરોગ્ય વિષયક સેવાઓની સરળ ઉપલબ્ધિ અને ભેદભાવ અને કલંકના મુદાઓનું નિવારણ જેવા મહત્વના મુદ્દા પર સરકારી વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી. જિલ્લા સંગઠન અમરેલી, જામનગર અને પોરબંદર સાથે જરૂરી સંકલન સાથી સમુદાય માટે વિવિધ કામગીરી હેતુ આયોજન પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવ્યું.

**સમયસર સારવાર+ સરકારી યોજનાઓ માટે વિહાનની સેવાઓ = ગુણવત્તાસભર જીવન** મહેસાણા જીલ્લા ના એક નાનકડા ગામમાં હું હેતવી મારા ૬૫ વર્ષના દાદા અને ૩ ભાઇઓ સાથે રહું છું. દાદા ગામમાં એક નાનકડી દુકાન ચલાવે છે. અને તેની આવકમાંથી અમારું જીવનનિર્વાહ ચાલતું હતું. નાનપણમાં જ મારા માતાપિતાનું અવસાન તકવાદી બિમારીના કારણે થયું. અમારા માટે દાદા જ માવતર અને આધાર છે. મારા માતા-પિતાની એચ.આઇ.વી. અવસ્થાને કારણે અમારું પણ એચ.આઇ.વી. પરિક્ષણ કરર્વા માં આવ્યું. જેમાં મારો અને નાના ભાઇનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો, અન્ય ૨ મોટાભાઇના રીપોર્ટ નેગેટીવ આવ્યા. મારી એ.આર.વી. દવા શરૂ કરવામાં આવી હતી. અને નાના ભાઇની દવા હાલમાં શરૂ થઇ છે. દવા તો સિવિલ હોસ્પિટલમાંથી મળી પરંતુ સામાજીક અને આર્થિક આધાર પણ જરૂરી છે. જે માટે મહેસાણા જિલ્લા સંગઠન એમ.એન.પી.+ વિહાન ટીમ દ્વારા અમારા ‘પાલક માતાપિતા’ તેમજ શિષ્યવૃતિ યોજનાના ફોર્મ ભરવામાં આવ્યા. અને તેના લાભ મળવાથી આર્થિક ભારણ ખુબ ઓછું થયું. ઉપરાંત દાદા ના શિરે પણ જવાબદારીનું ભારણ પણ હળવું થયું. અમારો ઉછેર યોગ્ય રીતે થવા લાગ્યો. એમ.એન.પી.+ વિહાન ના શૈક્ષણિક સાધનોના સહયોગથી હું અને ત્રણેય ભાઇઓ સ્કૂલે પણ જઇએ છીએ. તેથી મારા માટે તો ‘*સમયસર સારવાર+ સરકારી યોજનાઓ માટે વિહાનની સેવાઓ = ગુણવત્તાસભર જીવન*’ આ જ દાખલો સાચો છે.

## ‘ખાસબાળગૃહ’કલરવ’

જી.એસ.એન.પી.+દ્વારા કાર્યરત ખાસ બાળગૃહના બાળકોના સર્વાંગી વિકાસ માટે સ્થાનિક દાતાશ્રીઓના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ◈ગણેશ ચતુર્થીએ દાતાઓના સહયોગથી ૭ દિવસ માટે ગણેશ સ્થાપના કરવામાં આવી. શ્રી મુકેશભાઇ સવાણી દ્વારા જમણવાર આયોજન કરવામાં આવ્યું હતું. ◈બાળકોના આરોગ્યલક્ષી નિયમિત તપાસના ભાગરૂપ વાપી સ્થિત સખ્યા હોસ્પિટલ ના તબીબ દ્વારા સ્કીન ટ્રીટમેન્ટ નિશુલ્ક કરવામાં આવી. ◈ડો. પૂર્વેશ ડાકેચા



અને તેમની ટીમ દ્વારા ૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરવામાં આવી. ◈કથાકાર શ્રી જિગ્નેશ દાદાએ પોતાનો જન્મદિવસ સુરા ખાસબાળગૃહ માં ઉજવ્યો.◈રક્ષાબંધન કાર્યક્રમમાં પી.પી. સવાણી ગૃપ દ્વારા આયોજીત રક્ષાબંધન કાર્યક્રમમાં જનનીધામની દિકરીઓએ સ્વહસ્તે બનાવેલ રાખડી બાંધવામાં આવી. ◈અતુલ બેકરીના



સંપર્ક : સુરત મુખ્ય ઓફિસ : ૦૨૬૧ ૨૫૩૦૦૦૨, અમદાવાદ શાખા ઓફિસ : ૦૭૯ ૨૨૧૬૦૮૪૨, ઈમેલ : info.gsnpplus@gmail.com, વેબ સાઇટ : www.gsnpplus.org